**ક્રિમીનલ કેસ નં.૨૦૦૧૬૧/૧૯૯૪ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

આ કામે રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ કે જેઓ ફરીયાદી છે તેઓએ હાલના આરોપી સામે ફરીયાદ દાખલ કરેલી છે. ત્યારબાદ આરોપીને સમન્સ/વોરંટની બજવણી માટે પ્રોસેસ કરવામાં આવેલ હોવા છતાં આરોપીને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના સ્પે. વિ. પ્રોસિકયુટરનું પણ ઘ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુધી આરોપીનું સરનામું રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ તરીકે દાખલ થયેલ છે તેથી ફરિયાદીની ફરજ છે કે, આરોપીને સમન્સ/વોરંટની બજવણી થાય તેવી કાર્યવાહી કરવી અને જો આરોપીનું સરનામું ન હોય તો પણ તેઓએ સરનામું મેળવીને રજૂ કરવું જોઈએ. અદાલત પોતે આરોપીનું સરનામું મેળવી શકે તેમ નથી, જેથી જો ફરિયાદી આરોપીનું સરનામું રજૂ ન કરે તો તે કારણસર કેસની કાર્યવાહી આગળ વધી શકે નહીં અને આજ કારણસર છેલ્લા કેટલાક વર્ષોથી આરોપીના સરનામા વગર કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી. વળી સદર કેસમાં અવારનવાર ઘણી મુદત આપવામાં આવેલ તેમ છતાં પણ તેઓ આરોપીને હાજર કરી ન શકતા સદર કેસ ડોરમેન્ટ ઉપર મારા પુરોગામી અધિકારીશ્રી દ્વારા મુકવામાં આવેલ હતો. આમ, સદર કેસ ઘણો જુનો છે તેમજ નામદાર હાઈકોર્ટે પણ જૂના કેસમાં તુર્ત જ નિકાલ કરવા બાબતે સુચનો કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદી આટલા વર્ષોમાં પણ આરોપીનું સરનામું રજૂ કરી શકેલ ન હોય અને તે કારણે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ એક માત્ર વિકલ્પ અદાલત પાસે ફરિયાદ કાઢી નાખવાનો જ રહે છે જે તમામ હકીકત ઘ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**–: હુકમ :–**</u>

૧. આ કામે આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરાવવા માટે પુરતો પ્રયત્ન કરાવવા છતાં સમન્સ/વોરંટ બજેલ નથી તેમજ ફરીયાદપક્ષે આરોપીનું સાચું સરનામું રજુ કરેલ ન હોય સદર કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફરીયાદપક્ષને ભવિષ્યમાં આરોપી અગર તો આરોપીનું સરનામું મળી આવે તો તેઓ હાલના કેસમાં તે સંબંધે જરુરી કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૮/૨૦૨૨.

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ. **(GJ00687)**